# તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.)

## (ફઝીલત, ફાયદા, રીત અને આદાબ)

મૂળ કિતાબ : કુલીદે સઆદત

સંકલન : શૈખ મોહમ્મદ રઝા કરીમી મદઝીલ્લહુલ અઅલા

ઉર્દુ અનુવાદ : સૈયદ હસન અબ્બાસ ઝૈદી બારહવી

ઉર્દુ પ્રકાશક : અન્સારીયન પબ્લીકેશન, કુમ, ઈરાન

ગુજરાતી કિતાબ: તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.)

# બિસ્મીલ્લા હિર રહમા નિર રહીમ

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પેજ નંબર |
|---|---|---|
| 1. | તસ્બીહે જનાબે ઝહરા (સ.અ.)ની ફઝીલત અને બરકત | |
| 2. | રસૂલેખુદા (સ.અ.વ.)એ જનાબે ઝહરા (સ.અ.)ને તસ્બીહની તાલીમ આપી | |
| 3. | તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાની રીત | |
| 4. | તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાના આદાબ | |
| 5. | તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) સંબંધિત કેટલીક બાબતો | |

# બિસ્મીલ્લા હિર રહમા નિર રહીમ
## તસ્બીહે જનાબે ઝહરા (સ.અ.)ની ફઝીલત અને બરકત

મઅસૂમીન (અ.મુ.સ.)ની હદીસોમાં તસ્બીહે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની અનેક ફઝીલતો અને ખાસિયતો બતાવવામાં આવી છે. અહીં તેમાંથી કેટલીક પ્રસ્તુત કરવામાં આવે છે :

1. ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે :

   અય અબુ હારૂન ! બેશક અમો અહલેબૈત (અ.મુ.સ.) જે રીતે અમારા સંતાનોને નમાઝ પઢવાનો હુકમ આપીએ છીએ, એજ રીતે અમે તેઓને તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.) પઢવાનો હુકમ આપીએ છીએ.

   તેથી, અય અબુ હારૂન ! તમે પણ (તેને) હંમેશા પઢો. જે કોઈ તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢતો રહેશે, તે કદી બદબખ્ત અને બદનસીબ નહિં બને, બલ્કે ખુશનસીબી અને સદભાગ્યની સાથે દુનિયામાંથી વિદાય લેશે.

(ફુરૂએ કાફી, ભાગ–૩, પેજ નંબર : ૩૪૩, હદીસ : ૧૩)

**સમજૂતી :**

આ હદીસમાં જે ખુશનસીબી અને સદભાગ્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનો અર્થ એ છે કે એવા શખ્સની મૌત હક અને સાચી માન્યતા (સહી અકીદા)ની સાથે થશે, અને તે શખ્સ જીવનની અંતિમ પળો દરમ્યાન (સકરાત સમયે) શૈતાનની ઉશ્કેરણી અને તેના વસવસા સામે અલ્લાહનું રક્ષણ ધરાવતો હશે તેમજ તે આખેરતની કાયમ રહેનારી જીંદગીમાં ખુશહાલી, રાહત અને આરામને પાત્ર બનશે.

2. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે :

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની હમ્દ અને સના (વખાણ અને પ્રશંસા) તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)થી વધારે સારા શબ્દોમાં થઈ શકતી નથી. જો તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)થી વધીને બીજો કોઈ ઝીક્ર વધારે મહત્વપૂર્ણ અને અગત્યતા ધરાવતો હોત, તો બેશક અલ્લાહના રસૂલ હઝરત

મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) (પોતાના દીકરી) જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ને તેની તાલીમ આપેત.

(ફુરૂએ કાફી, ભાગ–૩, પેજ નંબર : ૩૪૩, હદીસ : ૧૪)

3. ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે :

મને દરરોજ અને દરેક નમાઝ પછી તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવી એ હજાર રકઅત નમાઝ પઢવા કરતા વધારે પસંદ છે.

(ફુરૂએ કાફી, ભાગ–૩, પેજ નંબર : ૩૪૩, હદીસ : ૧૫)

4. ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે :

જો કોઈ વાજીબ નમાઝ પૂરી કર્યા પછી પોતાના પગ હલાવ્યા વિના તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢે, તો અલ્લાહ તઆલા તેના ગુનાહોને માફ કરી દેશે, અને પહેલો શબ્દ જેનાથી તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ની શરૂઆત થાય છે, તે (અલ્લાહો અકબર) છે.

(સવાબુલ અઅમાલ, પેજ નંબર : ૧૪૯, લેખક : શૈખ સદુક અ.ર.)

5. ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે :

જે સુબ્હની નમાઝ પછી નમાઝની હાલતમાંથી ખસ્યા વિના અલ્લાહનો ઝીક્ર બજાવી લાવે, તેને માફ કરી દેવામાં આવશે, પરંતુ તેણે શરૂઆત 'અલ્લાહો અકબર' થી કરવી જોઈએ.

ત્યાર પછી ઈમામ સાદીક (અ.સ.)એ ફરમાવ્યું :

અય હમ્ઝહ ! આ તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) તમારા માટે કાફી છે, કારણ કે તેને પઢવાથી તઅકીબાતનો સંપૂર્ણ સવાબ તમને મળી જશે.

(કર્બુલ અસ્નાદ, પેજ નંબર : ૪, લેખક : સૈયદ હમીરી અ.ર.)

6. ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે :

તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) 'ઝીક્રે કસીર' નો એક મીસ્દાક (પુરાવો) છે, જેનો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ કુરઆનમાં હુકમ આપ્યો છે.

(ઉસુલે કાફી, ભાગ–૨, પેજ નંબર : ૫૦૦, હદીસ : ૪)

<u>સમજૂતી :</u>

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે :

અય ઈમાન લાવનારાઓ ! અલ્લાહને 'ઝીક્રે કસીર' (ની સાથે) યાદ કરો.....

(સૂરે અહઝાબ, આયત નંબર : ૪૧)

ઈમામ જઅફર સાદીક (અ.સ.) આ (ઉપરોકત) હદીસમાં ફરમાવે છે :

જેણે તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢી, તેણે આ (ઉપરોકત) આયતમાં વર્ણવવામાં આવેલ હુકમ ઉપર અમલ કર્યો તેમજ જે 'ઝીક્રે કસીર' નો હુકમ અલ્લાહે આપ્યો છે, તે અદા કર્યો.

7. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે :

જે તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢે, (અને) ત્યાર પછી ઈસ્તિગફાર કરે, (તો) અલ્લાહ તઆલા તેના ગુનાહોને માફ કરી દેશે.

આ તસ્બીહ માપ અને સંખ્યાની દ્રષ્ટિએ ઝબાન વડે સો (૧૦૦) વખત કહેવું છે, પરંતુ તે પોતાના મૂલ્ય અને વજનની દ્રષ્ટિએ (હશ્રના મેદાનમાં) કાર્યોના વજન (મીઝાન) માં એક

હજાર (૧૦૦૦) ઝીક્રનું સ્થાન લઈ લેશે. આ તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવી શૈતાનના દૂર રહેવાનું કારણ અને રહમાન (અલ્લાહ)ની ખુશનુદીનું માધ્યમ છે.

(સવાબુલ અઅમાલ, પેજ નંબર : ૧૧૪૮, લેખક : શૈખ સદુક અ.ર.)

8. મઅસૂમીન (અ.મુ.સ.)ની હદીસોમાં નીચે મુજબ વર્ણન જોવા મળે છે :

જે નમાઝની તઅકીબાત તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) વિનાની હોય (એટલે કે બીજી દુઆ અને ઝીક્ર હોય પરંતુ આ તસ્બીહ ન હોય), તો તે નમાઝ તે નમાઝીની તરફ પલટી જાય છે, એટલે કે ફરીશ્તો તેને આસ્માન તરફ નથી લઈ જતો અને તે અલ્લાહની બારગાહમાં સ્વીકાર્ય નથી બનતી.

(વકાયતે સીદદીકહ ઝહરા સ.અ., પેજ નંબર : ૪૯)

<u>સમજૂતી :</u>

તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) માત્ર નમાઝે સુબ્હ અથવા અન્ય વાજીબ નમાઝો પૂરતી જ મખ્સુસ નથી, પરંતુ મઅસૂમીન (અ.મુ.સ.)ની રિવાયતો મુજબ તમામ પ્રકારની

નમાઝો (જેમ કે વાજીબ, મુસ્તહબ, નાફેલા, ગૈર નાફેલા, પંજગાના, ગૈર પંજગાના, અદા કે કઝા નમાઝ વગેરે) માં તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવી મુસ્તહબ છે.

હદીસોમાં તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ને તઅકીબાતે નમાઝ ઉપરાંત અન્ય સમયે પણ પઢવાનું વર્ણન જોવા મળે છે.

કેટલીક રિવાયતોમાં આ તસ્બીહને નમાઝે સુબ્હ અથવા અન્ય વાજીબ નમાઝો પછી પઢવાનું વર્ણન જોવા મળે છે, તેનો અર્થ એવો નથી કે આ તસ્બીહ માત્ર તે નમાઝો માટે જ મખ્સૂસ છે, બલ્કે આ હદીસોમાં જોવા મળતો તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)નો ઉલ્લેખ વાજીબ નમાઝ અને તેમાં પણ ખાસ કરીને નમાઝે સુબ્હ પછી પઢવાની તાકીદ અને અગત્યતા વર્ણવવા માટે છે.

# બિસ્મીલ્લા હિર રહમા નિર રહીમ

## રસૂલેખુદા (સ.)એ જનાબે ઝહરા (સ.અ.)ને તસ્બીહની તાલીમ આપી

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)એ બની સઅદ કુટુંબના એક શખ્સને ફરમાવ્યું :

શું હું તને મારા અને હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) વિષે કંઈ જણાવું ? ખરેખર રસૂલેખુદા (સ.અ.વ.)ના પુત્રી જયાં સુધી મારા ઘરે રહયા, એટલા પાણીના વાસણો (મશ્ક) ઉપાડયા, કે જેના કારણે તેમના મુબારક શરીર ઉપર તેના નિશાન પડી ગયા અને એટલી ચકકી ફેરવી, કે જેના કારણે હાથ જખ્મી થઈ ગયા અને ઘરને સ્વચ્છ રાખવા માટે એટલુ ઝાડુ લગાવ્યું, કે જેના કારણે તેમનો લિબાસ ધૂળવાળો થઈ ગયો અને એટલો ચૂલો સળગાવ્યો, કે જેના કારણે પોશાક કાળો પડી ગયો. પછી જયારે આ બધા કાર્યો બંને જહાનની મલેકા માટે અત્યંત રંજ અને તકલીફનું કારણ બની ગયા, તો મેં આપ (સ.અ.)ને સલાહ આપી :

“અય રસૂલેખુદા (સ.અ.વ.)ની પુત્રી ! કાશ તમે તમારા માનનીય પિતા પાસે જઈને પોતાના માટે એક કનીઝનો પ્રસ્તાવ મૂકો, જેથી કરીને આપ (સ.અ.)ને આ તકલીફો અને મુશ્કેલીઓમાંથી મુકિત મળી શકે.”

હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના પિતાની ખિદમતમાં હાજર થયા. આપ (સ.અ.)એ જોયું કે કેટલાક લોકો વહીના અર્થ વિષે ચર્ચામાં વ્યસ્ત છે. આપ (સ.અ.)ને તે લોકોની સામે પોતાના પિતા સમક્ષ પ્રસ્તાવ મૂકતા શરમ આવી. છેવટે, આપ (સ.અ.) ઘરે પરત આવી ગયા.

રસૂલે ખુદા (સ.અ.વ.) સમજી ગયા કે તેમની પુત્રી ચોકકસ કોઈક અગત્યના કામ માટે ત્યાં આવ્યા હતાં. તેથી, સુબ્હના સમયે આપ (સ.અ.વ.) અમારા (અલી અ.સ. અને ફાતેમા સ.અ.ના) ઘરે આવ્યા અને દરવાજા પાછળથી ત્રણ વાર સલામ કરી. (આપ સ.અ.વ.ની આદત હતી કે ત્રણ વખત સલામ કરતા અને જો જવાબ ન મળે, તો પરત ચાલ્યા જતા)

કયાંક આપ (સ.અ.વ.)ના ખૂબસૂરત મુખને જોવાથી વંચિત ન રહી જઈએ તે ડરથી અમે (ત્રણેય) સલામનો જવાબ આપ્યો અને આપ (સ.અ.વ.)ને ઓરડામાં આવવા વિનંતી કરી. આપ (સ.અ.વ.)માં ઓરડામાં દાખલ થયા, અમારા બિસ્તર નજીક બેઠા અને ફરમાવ્યું: મારી વહાલી દીકરી ! ગઈકાલે તમે મારી પાસે કયા કામ માટે આવ્યા હતાં ?

મેં ફાતેમા ઝહરા (સ.અ.)ની પહેલા જવાબ આપતા ફરમાવ્યુ (કારણ કે શર્મના કારણે જનાબે ઝહરા સ.અ. હજી અચકાઈ રહયા હતાં અને અંદેશો એ હતો કે જો વાતચીત શરૂ ન થઈ, તો રસૂલેખુદા સ.અ.વ. પરત ચાલ્યા જશે.) :

અય રસૂલેખુદા (સ.અ.વ.) ! હું આપની ખિદમતમાં જણાવું છું કે આપની વહાલી દીકરી ફાતેમા ઝહરા (સ.અ.) શું કહેવા માંગે છે. મેં જનાબે સૈયદા (સ.અ.)ની તકલીફો અને મુશ્કેલીઓ જોઈ અને તેમને સલાહ આપી કે તેઓ આપ (સ.અ.વ.)ની ખિદમતમાં જઈ એક કનીઝનો પ્રસ્તાવ મૂકે કે જેથી તે ઘરની બહારના કામોમાં આપની સહાયક બને.

રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

શું હું તમને બંનેને એક એવી ચીજ ન જણાવું, જે તમારા માટે કનીઝથી બહેતર હોય ? જયારે તમે સૂવા માટે પથારી ઉપર લાંબા થાવ, ત્યારે ચોત્રીસ (૩૪) વખત 'અલ્લાહો અકબર', તેત્રીસ (૩૩) વખત 'અલ હમ્દો લિલ્લાહ' અને (૩૩) તેત્રીસ વખત ' સુબ્હાનલ્લાહ' કહો.

તે સમયે જનાબે ફાતેમા ઝહરા (સ.વ.) પોતાનું માથુ આસ્માન તરફ ઉંચુ કરી બે વખત ફરમાવ્યું :

હું ખુદા અને તેના રસૂલ (સ.અ.વ.)થી રાજી છું.

(મન લા યહઝરોહુલ ફકીહ, ભાગ–૧, પેજ નંબર : ૩૨૨, લેખકઃ શૈખ સદુક અ.ર.)

કાઝી નોઅમાન મીસ્રીએ ઉપરોકત પ્રસંગનું વર્ણન આ મુજબ કર્યુ છે :

એક ગૈર અરબ બાદશાહે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) માટે કેટલાક ગુલામો અને કેટલીક કનીઝો ભેટ સ્વરૂપે મોકલી. મેં (અલી અ.સ.)એ હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ને સલાહ આપી કે

પોતાના પિતા સમક્ષ જઈ એક ખાદેમા (કનીઝ)નો પ્રસ્તાવ મૂકે, જે તમને ઘરના કામ—કાજમાં મદદરૂપ બને.

હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના પિતાની ખિદમતમાં હાજર થયા, પરંતુ આપ (સ.અ.વ.) પોતાના સહાબીઓની સાથે ચર્ચામાં વ્યસ્ત હતાં, તેથી તેણી (સ.અ.)ને પોતાની હાજત બયાન કરતા શરમ આવી અને ઘરે પરત આવી ગયા. પછીના દિવસે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) અમારા ઘરે આવ્યા અને પોતાની પ્રણાલી મુજબ સલામ કરી, અમારી પાસેથી સલામનો જવાબ મેળવ્યો, ઓરડામાં દાખલ થયા અને પોતાની વહાલી દીકરીને ફરમાવ્યું :

વહાલી દીકરી ! ગઈકાલે શું કામ હતું ?

અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ફરમાવે છે :

મેં હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ને જે સલાહ આપી હતી, તે વાત રસૂલેખુદા (સ.અ.વ.)ને જણાવી.

રસૂલેખુદા (સ.અ.વ.)એ પોતાની દીકરી તરફ ધ્યાન આપી ફરમાવ્યું :

અય ફાતેમા (સ.અ.) ! આજે હું તમને એ ચીજ અતા કરૂં છું, જે તમારા માટે ફકત ખાદેમા (કનીઝ) જ નહિં, બલ્કે દુનિયા અને દુનિયાની તમામ ચીજોથી બહેતર છે. દરેક નમાઝ પછી ચોત્રીસ (૩૪) વખત 'અલ્લાહો અકબર', તેત્રીસ (૩૩) વખત 'અલ હમ્દો લિલ્લાહ' અને તેત્રીસ (૩૩) વખત 'સુબ્હાનલ્લાહ' અને છેલ્લે એક (૧) વખત 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' કહો. દીકરી ! આ કાર્ય તમારા માટે દુનિયા અને જે કાંઈ દુનિયામાં છે, તેની સરખામણીએ કેટલુય બહેતર છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે :

હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના માનનીય પિતાજીના દર્શાવેલા આ અમલ (તસ્બીહે મુબારક)ને દરેક નમાઝ પછી નિયમિત અને હંમેશા પઢતા રહયા, તેથી આ અમલ 'તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)' ના નામથી મશહુર થઈ ગયો.

(દઆએમુલ ઈસ્લામ, ભાગ–૧, પેજ નંબર : ૧૬૮)

અન્ય એક પ્રસંગમાં રસૂલેખુદા (સ.અ.વ.)એ પથારી પર લાંબા થતી વખતે અને સૂવાના સમયે તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાનો હુકમ આપેલ છે.

આ મુબારક તસ્બીહના ફઝાએલનું વર્ણન અને તેની તાલીમનો હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ની જરૂરત શું સંબંધ છે, તે આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઈલ્મી રહસ્યોમાંથી છે, અને આ રહસ્યમય બાબતને એહલેબૈત (અ.મુ.સ.)ની હદીસોના જાણકાર નિષ્ણાંતો અને તેમની મઅરેફત ધરાવનારા ઉચ્ચ કક્ષાના આલિમો પણ જાણી નથી શકયા.

ખુશકીસ્મતીના ઈચ્છુક રીસાલતની બારગાહના કિંમતી તોહફા પ્રત્યે બેદરકાર ન રહે, તો કેવુ સારૂ ! કારણ કે આ ઉચ્ચતમ શાનવાળા ફૈઝનું માધ્યમ અને વસીલો 'તુફફાહતુલ ફીરદૌસ', ' રફીકતુલ વજુદ' અને 'હકીકતુલ કમાલ' એટલે કે અંતિમ નબી (સ.અ.વ.)ના દીકરી, વસીઓના સરદારના પત્નિ અને અઈમ્મા (અ.મુ.સ.)ના માતા હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) છે.

આ તોહફો (તસ્બીહ) સાચી ખુશકીસ્મતી અને કાયમી ખુશનસીબીની ઝામીન છે, તેથી મોઅમીનોએ ખૂબ જ આયોજનપૂર્વક અને પૂરતો સમય આપીને ખુલુસતાની સાથે દર્શાવેલા આદાબ (રીત) મુજબ તેને બજાવી લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા આપણને સૌને મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના તુફૈલમાં વધારે તૌફીક નસીબ ફરમાવે – આમીન...

# બિસ્મીલ્લા હિર રહમા નિર રહીમ
## તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાની રીત

તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ના મુસ્તહબ હોવા બાબતે મુસલમાનો એકમત છે અને તેમાં કોઈપણ પ્રકારનો મતભેદ નથી. એહલે સુન્નતની ઘણી ભરોસાપાત્ર કિતાબોમાં તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)નું વર્ણન જોવા મળે છે. ત્યાં સુધી કે તેઓએ પોતાના અનુભવોને આધારે આ તસ્બીહની વિસ્મયકારક અસરો અને બરકત પણ વર્ણવી છે.

શિયા સંપ્રદાયના આલિમોનું ગર્વ અલ્લામા હિલ્લી (અ.ર.) પોતાની કિતાબ 'મુન્તહુલ મતલબ', જે તેમની સૌથી પહેલી અને ફીકહની મહત્વપૂર્ણ કિતાબ છે, તેમાં ફરમાવે છે :

"તમામ ઝીક્રમાં સૌથી બહેતર અને અફઝલ ઝીક્ર તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) છે તેમજ આ તસ્બીહ સુન્નત કાર્ય હોવા બાબતે તમામ આલિમો સર્વાનુમત ધરાવે છે."

(મુન્તહુલ મતલબ, ભાગ–૫, પેજ નંબર : ૨૪૧)

આ તસ્બીહનો કુલ સરવાળો એક સો (૧૦૦) છે, જેમાં ચોત્રીસ (૩૪) વખત 'અલ્લાહો અકબર', તેત્રીસ (૩૩) વખત ' અલ હમ્દો લિલ્લાહ' અને તેત્રીસ વખત 'સુબ્હાનલ્લાહ' નો સમાવેશ થાય છે. શિયા સંપ્રદાયના આલિમોમાં તસ્બીહનો પહેલો ઝીક્ર (૩૪) વખત 'અલ્લાહો અકબર' હોવા બાબતે કોઈ મતભેદ નથી. પરંતુ આલિમોના એક સમૂહનું કહેવું છે કે આ તસ્બીહ નમાઝની તઅકીબાતમાં પઢતી વખતે ચોત્રીસ (૩૪) વખત ' અલ્લાહો અકબર', તેત્રીસ (૩૩) વખત 'અલ હમ્દો લિલ્લાહ' અને તેત્રીસ વખત 'સુબ્હાનલ્લાહ' કહેવું, પરંતુ બિસ્તર ઉપર લાંબા થતી વખતે અને સૂવાના સમયે ચોત્રીસ (૩૪) વખત 'અલ્લાહો અકબર' પછી તેત્રીસ વખત 'સુબ્હાનલ્લાહ' અને ત્યાર પછી તેત્રીસ (૩૩) વખત 'અલ હમ્દો લિલ્લાહ' કહેવું. કેટલાક આલિમોનું કહેવું છે કે તઅકીબાતમાં અથવા સૂતી વખતે બંનેમાંથી કોઈપણ રીત મુજબ પઢે, સહી છે અને સુન્નત મુજબ છે.

તમામ રિવાયતો ઉપર ઉંડો અભ્યાસ કરવામાં આવે અને વિચાર કરવામાં આવે, તો સ્પષ્ટ થાય છે કે નમાઝની તઅકીબાતમાં

તેમજ સૂવા માટે બિસ્તર ઉપર લાંબા થયા પછી તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાની રીત એજ છે, જે મોઅમીનોમાં ખ્યાતનામ છે, એટલે કે ચોત્રીસ (૩૪) વખત ‘અલ્લાહો અકબર’, પછી તેત્રીસ (૩૩) વખત ‘અલ હમ્દો લિલ્લાહ’ અને ત્યાર પછી તેત્રીસ (૩૩) વખત ‘સુબ્હાનલ્લાહ’ કહેવું. ઉપરાંત ઘણી બધી દીનની બુઝુર્ગ હસ્તિઓ જેમ કે, શૈખ તુસી (અ.ર.), શૈખ મુફીદ (અ.ર.), ઈબ્ને ઈદરીસ (અ.ર.), અલ્લામા હીલ્લી (અ.ર.), શૈખ બહાઈ (અ.ર.), શૈખ હુર્રે આમેલી (અ.ર.), વસાએલુશ્શીઅયાના લેખક, શૈખ મોહમ્મદ હસન નજફી (અ.ર.), સાહેબે જવાહીર અને સૈયદ મોહમ્મદ કાઝીમ યઝદી (અ.ર.) તથા ઉરવતુલ વુસ્કા કિતાબના લેખક વગેરે આલિમોએ પણ એજ (ઉપરોકત) સલાહ (રીત) અપનાવી છે, ઉપરાંત તે રીત ખૂબ જ પ્રખ્યાત અને પ્રચલિત છે.

તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) સંબંધિત બે પ્રશ્નો અહિં પ્રસ્તુત છે :

1. જો તસ્બીહના ઝીક્રની સંખ્યા બાબતે શક જાય, જેમ કે શક જાય કે ત્રીસ (૩૦) વખત 'અલ્લાહો અકબર' પઢયા કે તેત્રીસ (૩૩) વખત, તો જો હજી 'અલ હમ્દો લિલ્લાહ'નો ઝીક્ર શરૂ કર્યો ન હોય, તો ઓછી સંખ્યા મુજબ આગળ વધવું. પરંતુ જો ' અલ હમ્દો લિલ્લાહ'નો ઝીક્ર શરૂ કરી દીધો હોય, તો શકની પરવા ન કરવી. આજ હુકમ 'અલ હમ્દો લિલ્લાહ' અને ' સુબ્હાનલ્લાહ' ના ઝીક્ર બાબતે માન્ય રહેશે.
2. જો 'અલ્લાહો અકબર' પઢતી વખતે વિચાર આવે કે આ ઝીક્ર ચોત્રીસ (૩૪) કરતા વધુ વખત પઢાઈ ગયો છે કે કેમ, તો ફરીથી તસ્બીહ શરૂ કરવી જરૂરી નથી, બલ્કે જેટલુ પઢાઈ ગયુ હોય, ત્યાર પછી 'અલ હમ્દો લિલ્લાહ'નો ઝીક્ર શરૂ કરી દેવો, અને આજ હુકમ 'અલ હમ્દો લિલ્લાહ' અને 'સુબ્હાનલ્લાહ' ના ઝીક્ર બાબતે માન્ય રહેશે.

પરંતુ ચોકકસ સંખ્યા કરતા વધારે પઢાઈ ગયુ હોય, ત્યારે બહેતર એ છે કે તે બાબતનું ધ્યાન જાય પછી મુકર્રર

સંખ્યા કરતા એક ઓછી સંખ્યા પૂરતી ગણવી અને એક વાર પઢી તે ઝીક્ર પૂર્ણ કરવો અને ત્યાર પછી બીજો ઝીક્ર શરૂ કરવો.

3. જેમ કે, વિચાર આવે કે 'અલ્લાહો અકબર' ચોત્રીસ (૩૪) કરતા વધુ વખત પઢાઈ ગયુ છે, તો તેત્રીસ (૩૩)ની સંખ્યા નકકી કરવી અને પછી એક વખત 'અલ્લાહો અકબર' પઢીને તે ઝીક્ર પૂર્ણ કરવો અન 'અલ હમ્દો લિલ્લાહ'નો ઝીક્ર શરૂ કરવો. આજ હુકમ 'અલ હમ્દો લિલ્લાહ' અને 'સુબ્હાનલ્લાહ' ના ઝીક્ર બાબતે માન્ય રહેશે.

# બિસ્મીલ્લા હિર રહમા નિર રહીમ
## તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાના આદાબ

તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢતી વખતે જે આદાબની કાળજી રાખવી જરૂરી છે, તે નીચે મુજબ છે :

1. આ તસ્બીહ શકય હોય, ત્યાં સુધી ખાકે શિફાની તસ્બીહ વડે પઢવી.
2. તઅકીબાતે નમાઝમાં પઢતી વખતે :
   - ✓ મુસલ્લા ઉપરથી ઉભા થતા પહેલા
   - ✓ કિબ્લાની દિશાથી ફરી જતા પહેલા
   - ✓ કોઈની સાથે વાતચીત કરીએ તે પહેલા
3. નમાઝમાં સલામ પઢયા પછી ત્રણ વખત બંને હાથ કાન પાસે લઈ જવા અને દરેક વખતે 'અલ્લાહો અકબર' કહેવું અને 'સલવાતની આયત' પઢીને આ દુરૂદ પઢવું :

   અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદેની ન્નબીય્યે વ અલા ઝુર્રીયતેહી વ અલા અહલે બય્તેહી

ત્યાર પછી તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવી શરૂ કરવી

<u>‘સલવાતની આયત’</u> : ઈન્નલ્લાહ વ મલાઈકતોહુ યોસલ્લુન અલન્નબી, યા અય્યોહલ્લઝીન આમનુ સલ્લુ અલયહે વ સલ્લેમુ તસ્લીમા

બેશક અલ્લાહ અને તેના ફરીશ્તા પયગમ્બર ઉપર સલવાત મોકલે છે, અય ઈમાન લાવનારાઓ ! તમે પણ તેમની તરફ દુરૂદ અને સલવાત મોકલો, જે દુરૂદ મોકલવાનો હક છે.

(સૂરે અહઝાબ, આયત નંબર : ૫૬)

નોંધ : ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે :

જો કોઈ શખ્સ નમાઝની તઅકીબાતમાં ‘સલવાતની આયત’ પછી ઉપરોકત સલવાત પઢે, તો અલ્લાહ તઆલા તેની એક સો (૧૦૦) માંગણીઓ પૂર્ણ કરશે, જેમાં સીત્તેર માંગણીઓ આખેરત સંબંધિત છે અને ત્રીસ માંગણીઓ દુનિયાની છે. (મુસ્તદરકુલ વસાએલ, ભાગ–૧, પેજ નંબર : ૩૪૯)

4. તસ્બીહ પઢી લીધા પછી એક વખત ‘લા ઈલાહ ઈલ્લલ્લાહ’ અને પછી એક વખત ‘અસ્તગફેરૂલ્લાહ રબ્બી વ અતુબો ઈલયહ’ કહેવું

5. ત્યાર પછી આ સલામ પઢવી :

   સલામ અરબીમાં ટાઈપ કરવી........ કિતાબના પેજ નંબર ૫૯, ૬૦, ૬૧ ઉપર આપેલ છે તે મુજબ ......

   (મન લા યહઝરોહુલ ફકીહ, ભાગ–૧, પેજ નંબર : ૩૨૨, લેખકઃ શૈખ સદુક અ.ર.)

6. તસ્બીહ વઝુની સાથે પઢવી

7. તસ્બીહ પઢતી વખતે ‘અલ્લાહો અકબર’, ‘અલ હમ્દો લિલ્લાહ’ અને ‘સુબ્હાનલ્લાહ’ આ ત્રણેય ઝીક્ર ઉપર મનન કરવું. ‘અલ્લાહો અકબર’ એટલે અલ્લાહ તઆલા તેના પરીચય અને તેના ગુણો બયાન થઈ શકે, તેના કરતા કેટલાય ગણો ઉચ્ચ અને મહાન છે. આ ઝીક્રની હકીકત બાબતે આપણો દિલથી અકીદો હોવો જોઈએ કે અલ્લાહ તઆલાની કોઈ મિસાલ નથી (લયસ ક મીસ્લેહી શયઉન) અને તેની પોતાની

સિવાય સૃષ્ટિની કોઈ હસ્તિ તેની મહાન ઝાતને સંપૂર્ણપણે સમજી શકતી નથી.

‘અલ હમ્દો લિલ્લાહ’ એટલે અલ્લાહ તબારક વ તઆલાના ઝાતી કમાલનો સ્વીકાર તેમજ તમામ મખ્લૂક ઉપર તેનો એહસાન છે. આ ઝીક્ર પઢનાર કબૂલ કરે છે કે આ સૃષ્ટિમાં જોવા મળતો દરેક પ્રકારનો કમાલ અને એહસાન અલ્લાહ તરફથી છે.

‘અલ હમ્દો લિલ્લાહ’ કહેતી વખતે આપણા દિલમાં અલ્લાહ તઆલાની ‘સિફાતે સબુતીયહ’ અને ‘સિફાતે ફેઅલીયહ’ ની માન્યતા હોવી જોઈએ.

‘સુબ્હાનલ્લાહ’ એટલે અલ્લાહ તઆલાની પાકીઝગી અને તહારતનો સ્વીકાર. આ ઝીક્ર પઢનાર અલ્લાહને તેની પાકીઝગી અને તહારતની સાથે યાદ કરે છે અને પોતાની તે માન્યતાનો સ્વીકાર અને ઈકરાર કરે છે કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની ઝાત, ગુણ અને કાર્યોમાં દરેક પ્રકારના ઐબ અને ખામીથી પાક છે.

'સુબ્હાનલ્લાહ' કહેતી વખતે આપણા દિલમાં અલ્લાહ તઆલાની 'સિફાતે સલબીયહ' અને 'સિફાતે ફેઅલીયહ' ની માન્યતાનો સારાંશ હોવો જોઈએ.

<u>નોંધ :</u> આ વિષયની વિગતવાર માહિતી માટે કિતાબ 'હકાએકુલ ઈમાન', પેજ નં. ૫૯ થી ૬૭ નો અભ્યાસ કરવા વિનંતી.

8. જમાઅતની સાથે પઢવામાં આવતી વાજીબ નમાઝમાં સામાન્ય રીતે પ્રચલિત એ હોય છે કે નમાઝ પૂરી થયા પછી મામૂમ (પેશનમાઝની પાછળ રહેલા નમાઝી)માંથી કોઈ એક શખ્સ ઉંચા અવાજે દુઆ પઢે છે. આ પ્રસંગે દુઆ પઢનારે એટલો સમય રાહ જોવી કે બધા મોઅમીનો તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢી લે. મોઅમીનોએ આ મુબારક તસ્બીહ પઢી લીધી હશે તે વાતનું યકીન થઈ જાય પછી અન્ય તઅકીબાત શરૂ કરવી. એવુ ન બને કે ઉતાવળના કારણે અથવા બીજી દુઆઓ વહેલા પઢવાના કારણે મોઅમીનો આ મુબારક તસ્બીહ પઢવાના અઢળક સવાબથી અને બારગાહે રીસાલતના આ અમૂલ્ય તોહફાથી વંચિત રહી જાય !

**અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની બારગાહમાં દુઆ છે કે તે આપણને સૌને હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ની મોહબ્બત અને મવદદતના તુફૈલમાં આ પૂર્ણતમ બરકત ધરાવનારા કાર્યને સહી અને સંપૂર્ણ રીતે અદા કરવાની તૌફીક અતા કરે. આમીન.... યા રબ્બલ આલમીન.....**

1. તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) ફકત તઅકીબાતે નમાઝ અને સૂતી વખતે જ મુસ્તહબ નથી, પરંતુ આ મુબારક તસ્બીહ દરેક સમયે અને સતત એક મુસ્તહબ કાર્ય છે. આ તસ્બીહ પઢવી કોઈપણ સ્થળે અને કોઈપણ સમયે મુસ્તહબ છે. તે કોઈ ચોકકસ સમય કે મર્યાદિત સ્થળ પૂરતી મુસ્તહબ નથી. અલબત, મઅસૂમીન (અ.મુ.સ.)એ તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ને નમાઝની તઅકીબાતમાં અને સૂતી વખતે ચોકકસ શરતો અને રીતભાતની સાથે પઢવાની ખૂબ જ તાકીદ અને ભલામણ કરી છે.
2. અલ્લાહના રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)એ પોતાની વહાલી દીકરી હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)ને આ તસ્બીહની તાલીમ આપી, તે પ્રસંગથી સ્પષ્ટ અને જાહેર

થાય છે કે આ મુબારક તસ્બીહ જરૂરતોની પૂર્ણતા માટે અને મૂશ્કેલીઓ દૂર થવા માટે એક ખાસ અસર ધરાવે છે.

(મીશ્કાતુલ અનવાર, પેજ નંબર : ૨૭૮)

3. ઉપરોકત બંને બાબતોને ધ્યાનમાં લઈએ તો એ સ્પષ્ટ થઈ જાય છે કે હાજતોની પૂર્ણતા માટે, મુશ્કેલીઓને દૂર કરવા માટે અને રંજ–ગમથી મુકિત મેળવવા માટે ઈન્સાન જેટલી પણ ચાહે, તસ્બીહ પઢવાની નઝર કરી લે અને તેની અસરો અને બરકતને મેળવી લે. અલબત, નાની જરૂરત માટે ઓછી તસ્બીહ અને મોટી જરૂરત માટે વધારે તસ્બીહની નઝર કરવી યોગ્ય છે.

4. મહાન હદીસવેત્તા અબુલ ફઝલ અલી ઈબ્ને હસન તબરસી પોતાની કિતાબ 'મીશ્કાતુલ અનવાર' માં વર્ણન કરે છે કે એક શખ્સ ઈમામ જઅફર સાદીક (અ.સ.)ની ખિદમતમાં આવે છે. ઈમામ (અ.સ.) તેની સાથે વાતચીત શરૂ કરે છે, પરંતુ તે આપની વાત સાંભળી શકતો નથી. તેણે આપ (અ.સ.)ને જણાવ્યું કે તે કાનની બહેરાશ ધરાવે છે.

ઈમામ (અ.સ.)એ તેને ફરમાવ્યું :

તું તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.)થી શા માટે ગાફીલ છો ? તે તસ્બીહ પઢવામાં તને કઈ ચીજ અવરોધક છે ?

તેણે કહયું : હું આપની પર કુરબાન થઈ જાવ ! આ તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) શું છે ?!

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું :

ચોત્રીસ (૩૪) વખત 'અલ્લાહો અકબર', (પછી) તેત્રીસ (૩૩) વખત 'અલ હમ્દો લિલ્લાહ' અને ત્યાર પછી તેત્રીસ (૩૩) વખત 'સુબ્હાનલ્લાહ'

તે શખ્સ કહે છે કે તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાથી થોડા જ સમયમાં તેની બહેરાશ દૂર થઈ ગઈ.

(મીશ્કાતુલ અનવાર, પેજ નંબર : ૨૭૮)

ઉપરોકત હદીસનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે તેમાં આ મુબારક તસ્બીહને નમાઝની તઅકીબાતમાં કે સૂતી વખતે પઢવાનો કોઈ ઉલ્લેખ નથી. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ મુબારક તસ્બીહ ઈલાજ ન થઈ શકે તેવી (અસાધ્ય) બિમારીઓ માટે અસરકારક

છે. આવી જ એક લાઈલાજ બિમારી કાનની બહેરાશ છે, જેનો વર્તમાન સમયમાં પણ કાનના મશીન સિવાય કોઈ ઈલાજ જોવા નથી મળતો.

ઉપરોકત હદીસ ઉપરથી સાબિત થાય છે કે તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) બદનસીબીની દવા ઉપરાંત તમામ પ્રકારની શારીરિક બિમારીઓનો ઈલાજ પણ છે.

આમ, જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની મોહબ્બત અને મવદદત ધરાવનારા લોકોએ આ કિંમતી ચીજથી રક્ષણ મેળવવામાં કોઈપણ પ્રકારની બેદરકારી રાખવી ન જોઈએ, જેના ફાયદાનું માધ્યમ અંતિમ નબી (સ.અ.વ.)ની દીકરી ફાતેમા ઝહરા (સ.અ.) છે.

5. આ મુબારક તસ્બીહની અનુભવેલી અસરોમાંથી એક એ પણ છે કે સૂતી વખતે તેને પઢવાથી ઈન્સાન ડરામણા સ્વપ્નોથી સુરક્ષિત રહે છે.
6. આ તસ્બીહ નિયમિત પઢવી સહી માન્યતા (અકીદા)ની સાથે દુનિયામાંથી વિદાયનું કારણ બને છે તેમજ આ દુનિયામાં શૈતાની વસવસા (ઉશ્કેરણી)થી રક્ષણ મળે છે.

7. ‘સહી બુખારી’ ની શર્હ (સમજૂતી) કિતાબ ‘ઈરશાદુલ સારી’માં અલ્લામા કીસ્તલાની લખે છે કે ઈબ્ને તીમીહ વર્ણન કરે છે કે સૂતી વખતે તસ્બીહે હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવાથી રૂહાની અને શારીરિક બેચેની દૂર થાય છે.

નવાઈની વાત એ છે કે ઈબ્ને તીમીહ એહલેબૈત (અ.મુ.સ.)નો કટ્ટર દુશ્મન અને ઈમામીયા શિઅયા સંપ્રદાયના ખ્યાતનામ વિરોધીઓમાંથી છે. વધુમાં, વહાબી સંપ્રદાયના મૂળભૂત અને પાયાના સિધ્ધાંતો અને માન્યતા તેના જ વિચારો અને શિક્ષણનું પરિણામ છે. આમછતાં, સાચી વિલાયત અને નબુવ્વતના કુટુંબની સત્યતાના નુરનો પ્રકાશ આપણી કલ્પનાના વિચારોની ક્ષિતિજની ઉંચાઈથી અનેકગણો રૌશન છે તેમજ સૃષ્ટિના પ્રત્યેક કણ ઉપર પોતાની રોશની પાથરી રહયો છે અને પોતાની હકીકતને જાહેર કરી રહયો છે.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ફરમાવે છે :

લેયહલેક મન હલક અન બય્યેનતીન, વ યહયા મન હય્ય અન બય્યેનતીન

અને જે હલાક થનાર છે, તે હુજ્જત (દલીલ) થી હલાક થયો અને જે જીવંત રહેનાર છે, તે હુજ્જત (દલીલ) વડે જીવંત છે.

(સૂરે અનફાલ, આયત નંબર : ૪૨)

અરબી અને ગુજરાતી આયત ચેક કરવી ..........

આ નાનકડી પુસ્તિકાનો અંત હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ની એક નાની ઝિયારત વડે કરીએ :

આ મુબારક તસ્બીહને પોતાના મોહીબ્બો સુધી પહોંચાડવામાં માધ્યમ બનનાર હઝરતે ફાતેમા ઝહરા (સ.અ.) પ્રત્યે અકીદત અને મોહબ્બતને જાહેર કરવા તેમજ તેમની ઈઝઝત અને આદર માટે દરરોજ સુબ્હની નમાઝ પછી એક વખત આ ઝિયારત પઢવી.

ઝિયારત અરબીમાં ટાઈપ કરવી..........